## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગભરાવ નહિ, અમારે તમને એટલી જ પુછપરછ કરવાની છે કે તમે મહામંદીમાં કેવી રીતે અર્થવ્યવસ્થા ચલાવતા હતા...

# આંગણવાડી કેન્દ્ર માટે કો-ઓર્ડીનેટરની જાહેરાત આપનાર સામે તંત્રની લાલ આંખ

તાજેતરમાં એક ન્યુજ પેપરમાં આંગણવાડી કો-ઓર્ડીનેટરની આવેલી જાહેરાત બિલકુલ ખોટી અને પાયા વિહોણી હોવાનું કહીને મહિલા બાળ વિકાસની કચેરી દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. તો બીજીતરફ રોજગારી મેળવવા માટે ઉત્સુક યુવકોને ગેરમાર્ગે દોરી રૂપીયા પડાવવાની પેરવી કરતી એક જાહેરાતને લઈ તંત્ર દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગત તા.૧૭ ઓગસ્ટના રોજ એક ન્યુઝ પેપરમાં આંગણવાડી કેન્દ્ર માટે કો-ઓર્ડીનેટર દરેક તાલુકામાં ૧૦, માનદવેતન, ૨૦,૫૦૦ આપના બાયોડેટા ઈમેલ કરો મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આવી કોઈ જાહેરાત બહાર પાડવામાં આવી નથી. તે ઉપરાંત કોઈ એજન્સીને પણ ઓથોરાઈઝ કરી નથી. જેને પગલે જાહેરાત ખોટી હોવાની અને રોજગારી મેળવવા માટે ઈચ્છુક યુવાનો પાસેથી રૂપીયા પડાવવાનું ષડયંત્ર હોવાનું જણાતા પોલીસને જાણ કરી છે. ગાંધીનગર ખાતે ઈન્ટીગ્રેટેટ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સર્વિસ નિયામકની કચેરીમાં બાળવિકાસ અધિકારી અનિલકુમાર પટેલે આ અંગે ફરીયાદી બની સે-૭પોલીસ મથકે ફરીયાદ કરી છે.કોઈ શખ્સે પોતાના ઈ-મેઈલ આઈડી દ્વારા યુવાનો સાથે વિશ્વાસઘાત કરીને ઠગાઈ કરવા મો આ જાહેરાત અપાઈ હોવાનું જણાવ્યું છે. જાહેરાત મુદ્દે આઈસીડીએસના નિયામક અશોક શર્માએ ગંભીર નોંધ લઈને યુવાનો આ પ્રકારની જાહેરાતથી કોઈ ભરમાય નહી અને આવા તત્વો પર કાયદાનો કોરડો વિંઝાય તેવા ઉમદા હેતુંથી પોતાના વિભાગના અધિકારીઓને પોલીસ ફરીયાદ માટે આદેશ કર્યો હતો. આ કેસની વધુ તપાસ સેકટર-૭ પીઆઈ તરલ ભટ્ટ ચલાવી રહ્યા છે.

# શ્રાવણીયા જુગાર સામે પોલીસની લાલ આંખ

### ● ઈસનપુર ગામેથી જુગાર રમતા ચાર જુગારીઓ ઝડપાયા

ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ઈસનપુર ગામની સીમમાં રમણ શંકર પટેલના તબેલા પાસે ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે જુગાર રમતા ચાર શકુનીઓને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા છે. પોલીસે શકુનીઓ પાસેથી કુલ રૂ. ૩૨,૯૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ચિલોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે ઈસનપુર ગામે તબેલા પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.જેને પગલે પોલીસે રેઈડ પાડતા જુગાર રમી રહેલા બળદેવ ભીખા પટેલ ઉં.વ.૫૫ રહે. ઈસનપુર મોટા એક ઢાળીયા વાસ તાજી ગાંધીનગર, મહેશ યશવંત પટેલ ઉં.વ.૩૮ એક ઢાળીયા વાસ ઈસનપુર, મેલાજી ઉર્ફે ભુરો કાન્તીજી ઠાકોર ઉં.વ.૩૫, ઈસનપુર મોટા ઈન્દીરાનગર, ભાવેશ દશરથ પટેલ ઉં.વ.૨૪ મોટા મુખી વાસ ઈસનપુરને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન કુલ રૂ. ૧૧,૦૨૦ તેમજ દાવ પરથી રૂ.૧૪૦૦, મોબાઈલ નંગ-૨ કિ.૫૫૦૦, હીરો સ્પેલેન્ડર જી.જે.૧૮.કે.-૨૦૬૪ કિ.૧૫૦૦૦ મળી કુલ રૂ.૩૨,૯૨૦ મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ● કોટેશ્વર પાસેથી ૩ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગરના ભાટ-કોટેશ્વર ગામે વરંડા પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ૩ શકુનીઓને પોલીસે દબોચી લીધા છે. પોલીસે બાતમીને પગલે કોટેશ્વર પટેલવાસમાં રહેતા રવિ રજનીકાંત પટેલ ઉ.વ.૩૩ તેમજ વડવાળા વાસમાં રહેતો કનુ રમેશ ઠાકોર ઉં.૨૩, ભાટ પટેલ વાસમાં રહેતો ગોપાલ ચીનુ પટેલ ઉ.૩૪ને જુગાર રમતા પકડી પાડ્યા હતા.અડાલજ પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૦,૫૪૦ જપ્ત કરીને ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ● ઉવારસદમાંથી ૬ શકુનીઓ ઝડપાયો

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામથી અડાલજ પોલીસે જુગાર રમી રહેલા ૬ ને દબોચી લીધા હતા. પોલીસે બાતમીને પગલે નાયીવાસ અને પ્રજાપતિ વાસ વચ્ચે આવેલા બજાર પાસે જુગાર રમી રહેલા ભાવેશ જયંતિ પટેલ, રસીક ગાંડા પ્રજાપતિ, સાહિલ મનહર પારેખ, ખોડા માણેકલાલ પારેખ, કૈવલ્ય ઉર્ફે જીગર રાજુ પટેલ તેમજ પૂનમ શિવા પ્રજાપતિ નો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન રૂ. ૧૦,૨૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ● શહેરના શકુનીઓ રાજસ્થાન રવાના

શ્રાવણમાસ આવતા જ જુગારીઓમાં જુગાર રમવાનો ચસ્કો લાગી જાય છે. ત્યારે ગુજરાત અને ખાસ કરીને પાટનગરમાં જુગારીઓ પર પોલીસની સકંજો કસાતા જુગારીઓમાં ફફળાટ મચી જવા પામ્યો છે. પોલીસની બચીને કયાંક છાનાછપની જુગાર રમતા હશે. બાકી શહેરના શકુનીઓ તો સાતમ આઠમ કરવા રજાનો તાલ જોઈને રાજસ્થાનના મુખ્ય શહેરો ભણી કુચ કરી ગયા છે.

હોટલોમાં રૂમ બુક કરીને જુગાર રમવાનું પણ શરુ કરી દીધુ હશે. રાજસ્થાનમાં રતનપુર સાઈડની મોંઘીદાટ હોટલો તેમજ ઉદેપુર, જોધપુર સહિતના સ્થળો અને જાણીતા રીસોર્ટ જુગારીઓ માટે હોટફેવરીટ છે. ત્યારે શહેર અને આસપાસમાં આવેલી પણ કેટલીક વૈભવી હોટલોમાં પણ જુગારીઓ જુગાર રમવા માટે ગોઠવાઈ ગયા હોય તો નવાઈ નહી. ત્યારે બીજીતરફ જુગારીઓને પકડી પાડવા માટે પણ પોલીસ સતત વોચ ગોઠવીને બેઠી છે.




## સે-૨૪ ખાતે પાનના ગલ્લામાં તસ્કરોનો હાથફેરો

ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારમાં તરખાટ મચાવતા તસ્કરો હવે નાના દુકાનદારને પણ છોડતા નથી. સે-૨૪ શાકમાર્કેટ તરફ જવાના માર્ગ પર આવેલા પાનના ગલ્લાને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. ચોર ઈસમોએ ગલ્લાનું તાડુ તોડીને અંદર રહેલી વિવિધ સિગારેટ-બીડી,ગુટખા સહિતની પડીકીઓ ચોરી કરી ગયા હતા. પાનના ગલ્લાના ધારકે આવીને તપાસ કરતા રૂ.૪ હજારનો માલ અને રોકડ રૂ.૧ હજાર મળીને કુલ રૂ.૫ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે.

# પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ રોજગાર ભરતી મેળામાં ૫૨૨ ઉમેદવારોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં આજે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં કુલ ૭ નોકરીદાતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. ૫૨૨ ઉમેદાવારો ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાંથી ૪૭૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં યોજાયેલ ભરતી મેળા માટે ૨૨૫૦ ઉમેદવારોને પત્ર અને એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવી હતી. આ ભરતી મેળામાં કોસમોસ મેનપાવર પ્રા.લિ, મેક્ષ લાઈફ ઈન્સ્યોરન્સ, ટેક મહિન્દ્રા લી., યુરેકા ફોર્બ્સ, એલ.આઈ.સી.ઓફ ઈન્ડિયા, પંજાબ મેટ લાઈફ અને એ.ડી.એસ ફાઉન્ડેશન જેવી કંપનીઓ નોકરીદાતા તરીકે ઉપસ્થિત રહી હતી. ૭ નોકરીદાતાઓ દ્વારા ૫૧૦ જેટલા યુવાનોને નોકરી માટે વિવિધ ક્ષેત્રની તકો આપવામાં આવી હતી. આ માટે ઉપસ્થિત રહેલા ૫૨૨ ઉમેદવારોમાંથી નોકરીદાતાઓ દ્વારા ૪૭૩ યુવાનોની પસંદગી કરવામાં આવી છે, તેવું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.




મેળાની તૈયારી : આવતીકાલે જનમાષ્ટમીનો મેળો યોજાશે. પંચદેવ મંદિરે મોટી સંખ્યામાં જનસમૂદાય મેળામાં જોડાશે. તેની પૂર્વ તૈયારી રૂપે પંચદેવ મંદિરને જોડતા ચ-માર્ગ પર બંને તરફ બેરીકેટ ગોઠવી ટ્રાફિક નિયંત્રણ કરવા પોલીસ તંત્ર દ્વારા તૈયારીઓ થઈ રહી છે.

# ગાંધીનગરમાં જીએસટી રિટર્ન ફાઈલ કરવા ખાસ સુવિધા ઉભી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

તમામ કરદાતાઓના ધ્યાનમાં લાવવામાં આવે છે કે કેન્દ્રીય માલ અને સેવા કર અધિનિયમ, ૨૦૧૭ (જીએસટી એક્ટ, ૨૦૧૭) અને કેન્દ્રીય માલ અને સેવા કર નિયમો, ૨૦૧૭ની જોગવાઈઓ અનુસાર, જીએસટી નોંધાયેલા કરદાતાઓએ નાણાકીય વર્ષ-૨૦૧૭-૧૮નું વાર્ષિક રિટર્ન ૩૧-૮-૨૦૧૯ સુધીમાં ફાઈલ કરવું આવશ્યક છે.

કૃપા કરીને નોંધો કે કરદાતાઓએ તેમની નોંધણીની શ્રેણીઓના આધારે જુદા જુદા વાર્ષિક રિટર્ન ફાઈલ કરવાના છે. સામાન્ય કરદાતાઓએ જી.એસ.ટી.આર.-૯ ફાઈલ કરવા પડે છે, કમ્પોઝિશન સ્કીમની પસંદગી કરનારા કરદાતાઓએ જી.એસ.ટી.આર.-૯-એ ફાઈ કરવાનું હોય છે અને રૂપિયા ૨ કરોડ કરતા વધારે વાર્ષિક ટર્નઓવર ધરાવતા કરદાતાઓએ જીએસટીઆર-૯-સી ફાઈલ કરવાનું હોય છે.

તે નોંધનીય છે કે કરદાતાઓ નિયત તારીખ સુધીમાં નિયત વાર્ષિક રિટર્ન ફાઈલ કરવામાં નિષ્ફળ જશે તેઓ કેન્દ્રિય માલ અને સેવા કર અધિનિયમ ૨૦૧૭ અને કેન્દ્રીય માલ અને સેવા કરના નિયમો, ૨૦૧૭ની જોગવાઈઓ હેઠળ લેટ ફી ચૂકવવા માટે જવાબદાર રહેશે.

જે કરદાતાઓને તેમનું વાર્ષિક રિટર્ન ભરવામાં મુશ્કેલી જણાતી હોય તેઓને સહાયરૂપ થવા માટે સહાયક કમિશનર, સેન્ટ્રલ ગુડ્સ અને સર્વિસ ટેક્સ વિભાગ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નજીક સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦ની કચેરી ખાતે સુવિધા સેલની વ્યવસ્થા કરવામાં આવી છે.




વેસ્ટર્ન ઝોનલ મીટીંગ : ગોવા ખાતે પશ્ચિમ ક્ષેત્રના રાજ્યના મુખ્યમંત્રીઓ તથા વરિષ્ઠ અધિકારીઓ મહત્ત્વની બેઠક ગુરુવારે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા મુખ્ય સચિવ અને મુખ્ય પોલીસ વડા ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વ. વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં રાજ્યભરમાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન : ભુપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૨

અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે જેમણે માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે તેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિજ્ઞાની સ્વ. વિક્રમ સારાભાઈની ચાલુ વર્ષે જન્મ શતાબ્દી ચાલી રહી છે ત્યારે આ સમગ્ર વર્ષ દરમિયાન વિક્રમ સારાભાઈના નામ અને તેમની યાદમાં સમગ્ર રાજ્યમાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે અત્રે જણાવ્યું છે.

સ્વ. વિક્રમ સારાભાઈના જન્મદિન ૧૨ ઓગસ્ટ-૨૦૧૯થી નિર્વાણ દિન ૩૦ ડિસેમ્બર ૨૦૨૦ સુધી સ્વ. વિક્રમ સારાભાઈની યાદમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે. વિવિધ પ્રકારના વિજ્ઞાન આધારિત કાર્યક્રમોના આયોજન માટે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં તથા શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે અને અન્ય સંબંધિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આ કાર્યક્રમોની વિચારણા કરવા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કરાયેલી ચર્ચા-વિચારણા મુજબ ધોરણ ૧ થી શરૂ કરી યુનિવર્સિટી કક્ષાએ સ્વ. વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં વિવિધ પ્રકારના ભવ્ય કાર્યક્રમોનું આયોજન આગામી દિવસોમાં કરાશે. આગામી દિવસોમાં કયા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવું તે અંગેની વિસ્તૃત ચર્ચા વિચારણા આજની બેઠકમાં કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળા-કોલેજમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સ્વ. વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં વિવિધ પ્રકારના વિજ્ઞાન મેળાઓ તથા વિજ્ઞાન ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારની ફેલોશિપ અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. સ્વ. વિક્રમ સારાભાઈએ ગુજરાત યુનિવર્સિટી ખાતે અભ્યાસ કર્યો હતો તેનું ગુજરાત યુનિવર્સિટી પણ ગૌરવ અનુભવે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી પણ સ્વ. વિક્રમ સારાભાઈની સ્મૃતિમાં અનેક પ્રકારના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરનાર છે. આજની બેઠકમાં જે કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તે કાર્યક્રમોને આગામી દિવસોમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે ચર્ચા વિચારણા કરીને આખરી ઓપ આપવામાં આવશે.

# પેથાપુર ચોકડી પર ટ્રકની ટક્કરે ઈજા પામેલા આધેડનું સારવાર દરમિયાન અવસાન

ગાંધીનગર,તા.૨૨

પેથાપુર ચાર રસ્તા પાસે ટ્રકની ટક્કરે ઈજા પામેલા આધેડનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું છે. પેથાપુર તરપોજ વાસ ખાતે રહેતા દિલિપસિંહ ભારથાજી ચૌહાણ (ઉં.વ.૪૫)ચોકડી પાસે મહાકાળી યો બાઈક નામની બેટરી રીપેરીંગની દુકાન છે.બુધવારના રોજ સવારે સાડા દશ વાગ્યાના અરસામાં તેઓ પેથાપુર ચોકડી ખાતે માર્ગ ઓળંગતી વખતે ટ્રક નં.આર.જે.૧૯.જી.બી.૯૮૩૫ના ચાલકે તેમને અડફેટે લેતા તેઓ નીચે પડી ગયા હતા. આ ઘટનામાં તેઓને બંન્ને પગે ઈજા પહોંચી હોવાથી તાત્કાલીક દોડી આવેલા નાગરીકો તેમજ પરિવારજનોએ ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાથી તેઓને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જયા સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત દિલિપસિંહનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. પેથાપુર પોલીસ મથકે મૃતકના ભાઈ હિંમતસિંહે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ટ્રક ચાલકને પકડી પાડવા માટે કવાયત હાથ ધરી છે.

### ‘ટીચર ઓફ ધ યર’ ગુજરાતી ફિલ્મનું ટ્રેલર લોન્ચ

# ટીચર વિદ્યાર્થીની કારકિર્દી જ નહી પરંતુ જિંદગી બનાવે છે

### ફિલ્મના પ્રોફિટનો ૧૦ ટકા હિસ્સો ગરીબ બાળકને મળશે

ગાંધીનગર, તા.૨૨

વ્યકિતના જીવનમાં વિદ્યાર્થીકાળ દરમ્યાન શિક્ષક કોઈપણ બાળક કે વિદ્યાર્થીની માત્ર કારકિર્દી જ નહી પરંતુ તેની સાચી અને અસલ જીંદગી બનાવી દેવાની ભૂમિકા ભજવે છે. માનવીના જીવનમાં માતા-પિતા સિવાય શિક્ષકનું બહુ મોટુ અને ભૂલી ના શકાય એવું મહત્વ છે. આજના સ્પર્ધાત્મક અને અપેક્ષાભર્યા યુગમાં માતા-પિતા કે સમાજને વિદ્યાર્થી ખૂબ સારા કે ઉંચા માર્કસ કે ટકાવારી સાથે પાસ થાય તેવું જ સપનુ હોય છે પરંતુ ઓછા ટકા લાવનાર કે નાપાસ થનારા વિદ્યાર્થી પણ કંઈ કમ નથી હોતા. ભલે તે અભ્યાસમાં નબળા હોય પરંતુ અન્ય કોઈ ક્ષેત્ર, કલા-કૌશલ્યમાં બહુ પારંગત અને નિષ્ણાત હોય, જે તેમને કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરાવી શકે. વિદ્યાર્થીના જીવનને સાચા રસ્તા પર આગળ ધપાવવામાં શિક્ષક બહુ મોટા માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે એમ અત્રે અપકમીંગ ગુજરાતી ફિલ્મ ટીચર ઓફ ધ યરના હીરો શૌનક વ્યાસ અને હીરોઈન અલીશા પ્રજાપતિએ જણાવ્યું હતું. ફિલ્મના ટ્રેલર અને મ્યુઝિક લોન્ચીંગ પ્રસંગે આ કલાકારોએ પોતાના પ્રતિભાવમાં આ પ્રમાણે જણાવ્યું હતું. પાર્થ ટાંક પ્રોડક્શનના જયંતિભાઈ આર. ટાંક તથા પાર્થ જે. ટાંક દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલી અપકમિંગ અર્બન ગુજરાતી ફિલ્મ ટીચર ઓફ ધ યર એજ્યુકેશન સિસ્ટમ પર આધારિત છે. પ્રો. વિક્રમ પંચાલ તથા શૌનક વ્યાસ દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલ આ ફિલ્મનું અમદાવાદ મેનેજમેન્ટ એસોશિએશન ખાતે પોસ્ટર, ટ્રેલર અને મ્યુઝિક લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટીચર ઓફ ધ યર ફિલ્મના કલાકારોએ ધમાકેદાર ડાન્સ પરફોર્મન્સ આપ્યું હતું. ફિલ્મ વિશે જણાવતાં પાર્થ ટાંક પ્રોડક્શનના જયંતિભાઈ આર. ટાંક તથા પાર્થ જે. ટાંકે જણાવ્યું કે, અન્ય ફિલ્મોની જેમ ટીચર ઓફ ધ યર એ ફક્ત પ્રોફિટેબલ વેન્ચર માટેની ફિલ્મ નથી પરંતુ ફિલ્મ એક સામાજિક મેસેજ આપે છે, જે શિક્ષણ પર આધારિત છે. અમે અમારી આ ફિલ્મના પ્રોફિટનો ૧૦ ટકા હિસ્સો ગરીબ બાળકોના ભણતર માટે આપવાનું નક્કી કર્યું છે. અમારી સંસ્થા ટાંક એજ્યુકેશન ટ્રસ્ટ એ હ્યુમન કાઈન્ડ, શ્વાશ, સર્જન તથા જ્ઞાનજ્યોત જેવાં એનજીઓ સાથે ભાગીદારી પણ કરી છે.

# ગુજરાત સંગીત નાટક અકાદમીના સહયોગથી લાંઘણજ ગામમાં કૃષ્ણ જન્મોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૨૨

લાંઘણજ ગામની યુનિયન હાઈસ્કુલના સાંસ્કૃતિક હોલમાં ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ૨૨મીના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ સ્વર શબ્દ અને સંગીત સાથે યોજાયો હતો. આ કાર્યક્રમ માં કૌશિક શ્રીમાળી, ગ્રીષ્મા શ્રીમાળી, રેખા પંચાલ, કુંજલ શ્રીમાળી વિગેરે એમના સુમધુર કંઠથી કાર્યક્રમને દીપાવ્યો હતો. કાર્યક્રમમાં લાંઘણજગામના સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌ મુખ્ય અતિથિનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગામ લોકો, વિદ્યાર્થીઓ, અને કૃષ્ણભક્તોએ કાર્યક્રમ માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ, સાહિત્યકાર શ્રી શૈલેષ પંડયા ‘ભીનાશે’ કર્યું હતું. લાંઘણજ ગામ એક પુરાતન નગર છે. જ્યાં અનેક પુરાતન અવશેષો મળેલા છે. જયાં કૃષ્ણ જન્મોત્સવથી વાતાવરણ આખું રંગીન બન્યું હતું. લાંઘણજ કેળવણી મંડળના ઉપપ્રમુખ કીર્તિભાઈ પટેલ, લાંઘણજ કેળવણી મન્ડલના મંત્રી જયંતિભાઈ પટેલ, સરપંચ મુકેશભાઈ પટેલ, જાણીતા ઉદ્યોગપતિ દશરથભાઈ પ્રજાપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો અને શુભેચ્છાઓ આપી હતી. રેડીઓ, ટી.વી અને ઈન્ટરનેશન કલાકારોએ કૃષ્ણજન્મોત્સવને રંગીન બનાવી દીધો હતો.

### આજે સરગમ મ્યુઝિકલ ગૃપ દ્વારા

# અમદાવાદના ટાઉનહોલ ખાતે “રીમઝીમ ગીરે સાવન” કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના “વૉઈસ ઓફ કિશોરકુમાર” તરીકે જાણીતા ગાયક પંકજકુમારના સરગમ મ્યુઝિકલ ગૃપ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તા. ૨૩મી ઓગષ્ટ શુક્રવારે ટાઉનહોલમાં સુરીલા ગીતોથી મઢેલી સંગીત સંધ્યા “રીમઝીમ ગીરે સાવન”નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પંકજકુમાર ઉપરાંત મયુરી સોની સહિત અન્ય સહ કલાકારો હિન્દી ફિલ્મોના સુપરહીટ ગીતોની રમઝટ મચાવશે જેનો માણવા સંગીતપ્રેમીઓને નિઃશુલ્ક જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.